## ઘાયલ સુંદર ન્યૂઝીલેન્ડ સામેની ટી-20 સીરિઝમાંથી પણ બહાર

નવી દિલ્હી, તા. 15 : ભારતીય ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર બુધવારે સાઈડ સ્ટ્રેઈનના કારણે ન્યુઝીલેન્ડ સામેની પાંચ મેચની ટી-20 સીરિઝમાંથી પણ બહાર થઈ ગયો હતો. પ્રથમ વનડે દરમિયાન બોલિંગ કરતી વખતે વોશિંગ્ટનને ડાબી બાજુની પાંસળીમાં દુખાવો થયો હતો, જેના કારણે તે ત્રણ મેચની વનડે સીરિઝમાંથી બહાર થઈ ગયો હતો. હવે એ વાતની પુષ્ટિ થઈ ગઈ છે કે તે 21 જાન્યુઆરીથી નાગપુરમાં શરૂ થનારી પાંચ મેચની ટી-20 સીરિઝ માટે સમયસર સ્વસ્થ થઈ શકશે નહીં. બીસીસીઆઈના એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે, સુંદરને સાઈડ સ્ટ્રેનના કારણે ન્યૂઝીલેન્ડ સામેની ટી-20 સીરિઝમાંથી બહાર કરવામાં આવ્યો છે. વોશિંગ્ટનની ઈજા 7 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા ટી-20 વર્લ્ડકપમાં તેની ભાગીદારી પર પણ પ્રશ્નો ઉભા કરે છે. તિલક વર્મા પણ ગ્રોઇનની ઈજા માટે સર્જરી કરાવ્યા બાદ પ્રથમ ત્રણ ટી-20 મેચની સીરિઝમાંથી બહાર છે.

## WPL : દિલ્હી કેપિટલ્સે યુપી વોરિયર્સને હરાવીને ખાતું ખોલ્યું

નવી મુંબઈ, તા. 15 : મહિલા પ્રીમિયર લીગ (WPL)માં ઉત્તરાયણના દિવસે બુધવારે અહીં રમાયેલી એક મેચમાં લિઝેલ લીએ સતત બીજી મેચમાં પોતાની વિસ્ફોટક બેટિંગનું પ્રદર્શન કરતાં દિલ્હી કેપિટલ્સે યુપી વોરિયર્સ સામે સાત વિકેટથી જીત મેળવી હતી, જે હાલની સિઝનમાં તેમની પહેલી જીત રહી હતી. યુપી વોરિયર્સની બેટિંગ અંતિમ ઓવરોમાં નિષ્ફળ રહેવાથી તેઓ આઠ વિકેટે માત્ર 154 રન જ બનાવી શક્યા. ટીમે અંતિમ પાંચ ઓવરમાં છ વિકેટ ગુમાવી દીધી, જેમાં ફક્ત 24 રન બન્યા. દિલ્હી કેપિટલ્સ વતી અગાઉની મેચમાં 86 રન બનાવનાર લિઝેલ લીએ આ મેચમાં જવાબદારીપૂર્વક બેટિંગ કરીને લક્ષ્યનો પીછો કરી 44 બોલમાં આઠ ચોગ્ગા અને ત્રણ શાનદાર છગ્ગા ફટકારીને 67 રન બનાવ્યા હતા. અનુભવી લૌરા વોલ્વાર્ડે 24 બોલમાં 25 રનની નોટઆઉટ ઇનિંગ રમી. તેણે મેચના છેલ્લા બોલ પર ચોગ્ગો ફટકારીને દિલ્હી કેપિટલ્સને જીત અપાવી. કેપ્ટન જેમીમા રોડ્રિગ્સ 12 બોલમાં 21 રન બનાવીને ૧૯મી ઓવરમાં આઉટ થઈ હતી.

## નીતિશ પૂરતું યોગદાન નથી આપતો, રોહિતને પૂરતી પ્રેક્ટિસ મળી નથી : ડોશે

રાજકોટ, તા. 15 (પીટીઆઈ) : ભારતના સહાયક કોચ રાયન ટેન ડોશેએ સ્વીકાર્યું છે કે ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીને તકો આપવા છતાં તે મોટાભાગે પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયો છે. તેમણે એમ પણ કહ્યું કે બે વિજય હઝારે ટ્રોફી મેચ રમ્યા પછી પણ રોહિત શર્મા હજુ ક્રિકેટની પ્રેક્ટિસથી વંચિત રહ્યો છે. અહીં ન્યૂઝીલેન્ડ સામે હારેલી બીજી વનડે માટે ભારતની પ્લેઈંગ ઇલેવનમાં એકમાત્ર ફેરફાર રેડ્ડી બેટ કે બોલથી નિષ્ફળ ગયો હતો. ડોશેએ મેચ પછી પત્રકારોને કહ્યું હતું કે નીતીશને જ્યારે તમે તેને રમવા માટે મેચો આપો છો, ત્યારે તે ઘણીવાર મેચમાં કંઈ ખાસ કરતો નથી. ડોશેએ સંકેત આપ્યો કે રેડ્ડીએ બીજી વનડેમાં મળેલી તકનો મહત્તમ ઉપયોગ કરવો જોઈતો હતો, પરંતુ તે ફક્ત 20 રન બનાવી શક્યો અને બે ઓવરમાં કોઈ વિકેટ ન મેળવી શક્યો. બીસીસીઆઇના આદેશ બાદ ભારતીય સુપરસ્ટાર વિરાટ કોહલી અને રોહિત શર્મા બંને પોતપોતાની રાજ્ય ટીમો માટે ટોચની 50-ઓવરની સ્થાનિક ટુર્નામેન્ટમાં પાછા ફર્યા હતા, પરંતુ તેમ છતાં, ડોશેએ કહ્યું કે રોહિતને પૂરતી પ્રેક્ટિસ મળી નથી.

# ખેલાડીઓના વિદ્રોહને પગલે BCBએ નઝમુલને ચાવીરૂપ હોદ્દા પરથી હટાવ્યા

**વિવાદને** શાંત કરવા બીસીબીએ નઝમૂલને નાણાકીય સમિતિના અધ્યક્ષ પદેથી હટાવ્યા, ડિરેક્ટર પદે રહેશે કે નહીં તે સ્પષ્ટ નથી

**ખેલાડીઓએ** તેમને મળેલા સમર્થનને યોગ્ય સાબિત નથી કર્યુ અને આઇસીસી ટ્રોફી ન જીત્યાનું નઝમૂલે નિવેદન કરતાં હોબાળો મચ્યો



ઢાકા, તા. 15 (પીટીઆઈ) : રાષ્ટ્રીય ટીમના સીનિયર ખેલાડીઓએ તેમની વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા બદલ કરેલા વિદ્રોહને પગલે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)એ ગુરુવારે તેની નાણાકીય સમિતિના અધ્યક્ષ નઝમુલ ઈસ્લામને પદ પરથી હટાવવા પડ્યા હતા.

ગુરુવારે નોઆખલી એક્સપ્રેસ અને ચિત્તાગોંગ રોયલ્સ વચ્ચે રમાનારી બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (BPL) મેચ માટે ટોસ મોડી શરૂ થયો કારણ કે બંને ટીમો સ્થળ પર પહોંચી ન હતી. બંને ટીમોના ખેલાડીઓએ નઝમુલને તાત્કાલિક દૂર કરવાનો આગ્રહ રાખ્યો હતો. ખેલાડીઓ અને જનતાના દબાણ હેઠળ, બીસીબીએ કાર્યવાહી કરવાની ફરજ પડી અને નઝમુલને બોર્ડની નાણાકીય સમિતિના અધ્યક્ષ પદેથી દૂર કર્યા. તે બીસીબી ડિરેક્ટર રહેશે કે નહીં તે સ્પષ્ટ નથી.

બીસીબીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ જણાવવા માંગે છે કે તાજેતરના વિકાસની સમીક્ષા કર્યા પછી અને સંગઠનના શ્રેષ્ઠ હિતમાં, બીસીબી પ્રમુખે તાત્કાલિક અસરથી નાઝમુલ ઈસ્લામને નાણાકીય સમિતિના અધ્યક્ષ તરીકેની તેમની જવાબદારીઓમાંથી મુક્ત કરવાનો નિર્ણય લીધો છે. તેમાં વધુમાં જણાવાયું છે કે બીસીબી પ્રમુખ આગામી સૂચના સુધી નાણાકીય સમિતિના કાર્યકારી અધ્યક્ષનું પદ સંભાળશે. બીસીબી પુનરોચ્ચાર કરે છે કે ક્રિકેટરોના હિત તેની ટોચની પ્રાથમિકતા છે. બોર્ડ તેના અધિકારક્ષેત્ર હેઠળના તમામ ખેલાડીઓના સન્માન અને ગરિમાને જાળવી રાખવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

નઝમુલે સુરક્ષા ચિંતાઓના કારણે આવતા મહિને યોજાનાર T20 વર્લ્ડ કપ માટે બાંગ્લાદેશના ભારત પ્રવાસના ઈનકારનો પુનરોચ્ચાર કરીને જો દેશ ટુર્નામેન્ટમાંથી ખસી જાય તો ખેલાડીઓના મહેનતાણા અંગેની ચિંતાઓને ફગાવી દીધી ત્યારે હોબાળો શરૂ થયો. તેમણે જણાવ્યું હતું કે ખેલાડીઓને વળતર આપવામાં આવશે નહીં કારણ કે તેઓએ તેમને મળેલા સમર્થનને યોગ્ય ઠેરવ્યું નથી અને એક પણ આઈસીસી ટુર્નામેન્ટ જીતી નથી. આ નિવેદને ભારે હોબાળો મચાવ્યો હતો, અને બાંગ્લાદેશ ક્રિકેટર્સ વેલ્ફેર એસોસિએશને તેમને તાત્કાલિક દૂર કરવાની માગ કરી હતી. બીસીબીએ નઝમુલને કારણ બતાવો નોટિસ પણ ફટકારી છે.

### બીસીબીએ પહેલા નિવેદનથી પોતાને અળગા રાખતું નિવેદન કર્યા પછી અફસોસ વ્યક્ત કર્યો હતો

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) એ બુધવારે તેના ડિરેક્ટર નઝમુલ ઇસ્લામની ટિપ્પણીઓથી પોતાને દૂર રાખ્યા જેમાં તેમણે રાષ્ટ્રીય ખેલાડીઓની પ્રતિબદ્ધતા પર સવાલ ઉઠાવ્યા હતા. બીસીબીએ તે પછી એક અખબારી યાદીમાં જણાવ્યું હતું બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) બોર્ડના સભ્ય દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણીઓ પર પોતાનો અફસોસ વ્યક્ત કરે છે. બીસીબી આ ટિપ્પણીઓને કારણે થયેલી ચિંતાને સ્વીકારે છે અને વ્યાવસાયીકરણ, ક્રિકેટરો પ્રત્યે આદર અને ક્રિકેટની રમત જે મૂલ્યોને પ્રોત્સાહન આપે છે તે પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરે છે. બોર્ડે સંબંધિત બોર્ડ સભ્ય સામે ઔપચારિક શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરી દીધી છે. કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે અને સંબંધિત વ્યક્તિને 48 કલાકની અંદર લેખિત જવાબ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, એવું રિલિઝનમાં જણાવાયું હતું.

### નઝમૂલના નિવેદનની ટીકા કરી ક્રિકેટર્સ વેલ્ફેર એસોએ કહ્યું કે અમે ગરિમા માટે રમીએ છીએ

બાંગ્લાદેશ ક્રિકેટર્સ વેલ્ફેર એસોસિએશને નઝમુલના નિવેદનની નિંદા કરી હતી. સીડબ્લ્યુએના પ્રમુખ મોહમ્મદ મિથુને નઝમુલ સામે કાર્યવાહી થઇ તે પહેલા કહ્યું હતું કે અમે બીસીબી સાથે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી રહ્યા છીએ પરંતુ કોઈ ઉકેલ મળ્યો નથી. અમે હવે નિરાશ છીએ. ક્રિકેટરો ગરિમા માટે રમે છે. અમે તેને માફી માગવા કહ્યું, પરંતુ તે વધુ અડગ બન્યા. તેઓ આવી ટિપ્પણીઓ કરી શકે નહીં. મહિલા ટીમ સંબંધિત બાબતોનો ઉકેલ લાવવામાં તેઓ ખૂબ લાંબો સમય લઈ રહ્યા છે. ભ્રષ્ટાચારના આરોપસર પુરાવા વિના નવ ખેલાડીઓને બીપીએલમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. મહિલા ખેલાડીઓ માટે સુવિધાઓ પણ મર્યાદિત છે. સિનિયર ઓલરાઉન્ડર મેહદી હસન મિરાઝે કહ્યું, "અમે હંમેશા કહીએ છીએ કે ક્રિકેટ બોર્ડ અમારું રક્ષક છે, પરંતુ તેમાંથી એક દ્વારા આવું કહેવું ખૂબ જ નિરાશાજનક છે. ક્રિકેટ બોર્ડ આઇસીસી અને પ્રાયોજકોના પૈસાથી ચાલે છે. અમે વધુમાં વધુ 25-30 ટકા ટેક્સ ચૂકવીએ છીએ. બાંગ્લાદેશના ટેસ્ટ કેપ્ટન નઝમુલ હુસૈન શાંતો અને વર્તમાન ટી-20 કેપ્ટન લિટન દાસે પણ આ વિવાદાસ્પદ મુદ્દા પર પોતાના મંતવ્યો આપ્યા.

# મિચેલની નોટઆઉટ સદીથી ન્યૂઝીલેન્ડે ભારત સામે બીજી વન ડે જીતી

**ટોપ** ઓર્ડર ફેલ ગયા પછી રાહુલની સદીથી ભારતીય ટીમે સાત વિકેટે 284 રન બનાવ્યા

**ન્યૂઝીલેન્ડે** મિચેલની સદી અને યંગ સાથેની શતકીય ભાગીદારીથી ત્રણ વિકેટે લક્ષ્યાંક આંબ્યો



રાજકોટ, તા. 15 : ત્રણ મેચની સીરિઝની કરસંક્રાતિના દિવસે બુધવારે અહીં રમાયેલી બીજી વન ડેમાં ડેરિલ મિચેલની નોટઆઉટ સદી અને વિલ યંગ સાથે ત્રીજી વિકેટ માટે 162 રનની ભાગીદારીની મદદથી ન્યુઝીલેન્ડે ભારતને સાત વિકેટથી હરાવીને સીરિઝ 1-1ની બરાબરી પર મૂકી હતી. કેએલ રાહુલના 91 બોલમાં નોટઆઉટ 112 રન છતાં, ભારત સાત વિકેટે 284 રન જ બનાવી શક્યું હતું. ન્યૂઝીલેન્ડે ખરાબ શરૂઆતમાંથી બહાર નીકળીને 47.3 ઓવરમાં ત્રણ વિકેટે 286 રન બનાવી મેચ જીતી હતી. સીરિઝની નિર્ણાયક ત્રીજી વનડે રવિવારે ઇન્દોરમાં રમાશે.

આ મેચમાં ભારતીય સ્પિનરો ફરી એકવાર ઘરઆંગણે પ્રભાવ પાડવામાં નિષ્ફળ ગયા કારણ કે ન્યૂઝીલેન્ડે 285 રનના લક્ષ્યાંકનો પીછો 15 બોલ બાકી રાખીને કરી લીધો. ડેરિલ મિચેલે 131 રનની નોટઆઉટ ઇનિંગ રમી હતી જ્યારે વિલ યંગે 87 રન કરી તેને સારો સાથ આપ્યો હતો. મિચેલે સ્વીપ શોટનો અસરકારક રીતે ઉપયોગ કરીને ભારત સામે તેની ત્રીજી અને એકંદરે આઠમી સદી ફટકારી હતી.

ન્યૂઝીલેન્ડ વતી ડેબ્યુટન્ટ ડાબોડી સ્પિનર જેડન લેનોક્સે ભારતીય બેટ્સમેનોને નિયંત્રણમાં રાખીને 10 ઓવરમાં 42 રન આપીને એક વિકેટ મળીને ન્યુઝીલેન્ડના સ્પિનરોએ 23 ઓવરમાં 89 રન આપીને બે વિકેટ લીધી હતી. તેનાથી વિપરીત, કુલદીપ યાદવ 10 ઓવર, 82 રન, એક વિકેટ અને રવિન્દ્ર જાડેજા આઠ ઓવરમાં 44 રન મળીને બંનેએ 18 ઓવરમાં 126 રન આપ્યા હતા. કુલદીપને સતત શોર્ટ બોલિંગ કરવાની કિંમત ચૂકવવી પડી હતી. ઇનિંગની 36મી ઓવરમાં, પ્રસિદ્ધ કૃષ્ણાએ લોંગ-ઓન પર એક સરળ કેચ છોડતા મિચેલને 80 રન પર જીવનદાન મળ્યું હતું.

# ઇન્ડિયા ઓપનમાં પક્ષીઓના મળ ત્યાગથી બે વાર મેચ અટકાવવી પડી

**એચએચ** પ્રણોય અને લોહ કીન યેયુ વચ્ચેની મેચમાં બે વાર પક્ષીઓની ચરક પડતા મેચ અટકી

**મેચ** જીતનાર લેહ વિક્ષેપ વિશે ન બોલ્યો પરંતુ તેણે પ્રદૂષણની સમસ્યા હોવાની ચિંતા દર્શાવી

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઇ) : ઇન્ડિયા ઓપન સુપર 750માં અહીં ગુરુવારે એચ એસ પ્રણોય અને સિંગાપોરના લોહ કીન યેયુ વચ્ચેની મેન્સ સિંગલ્સની બીજી રાઉન્ડની મેચ દરમિયાન પક્ષીઓની ચરકને કારણે બે વાર રમત રોકવી પડી હતી, જેનાથી ટુર્નામેન્ટમાં વધતી જતી સંગઠનાત્મક ચિંતાઓની યાદીમાં વધારો થયો છે.

ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમમાં રમતની સ્થિતિ, હવાની ગુણવત્તા, અતિશય ઠંડી અને અઠવાડિયાની શરૂઆતમાં સ્ટેન્ડમાં વાંદરો જોવા મળવા સંબંધિત ફરિયાદોને કારણે પહેલેથી જ તપાસ હેઠળની ઇવેન્ટના ત્રીજા દિવસે આ અસામાન્ય વિક્ષેપો સર્જાયા હતા. માજી વર્લ્ડ ચેમ્પિયન લોહ સામે પ્રણોયની મેચ પ્રથમ વખત ત્યારે અટકી હતી જ્યારે ભારતીય ખેલાડી પ્રથમ ગેમમાં 16-14 થી આગળ હતો. નિર્ણાયક ગેમની શરૂઆતમાં જ્યારે પ્રણોય 1-0 થી આગળ હતો ત્યારે તેને ફરીથી રોકવામાં આવી હતી. બંને પ્રસંગોએ, છત પરથી પક્ષીઓની ચરક પડી હોય તેવું જણાતા કોર્ટ એકની સપાટીને સાફ કરવા માટે ટુર્નામેન્ટના અધિકારીઓ મેદાનમાં આવ્યા હતા. પોતાની 21-18, 19-21, 14-21 થી હાર બાદ પ્રણોયે કહ્યું કે તે પક્ષીની ચરક હતી જેણે રમતને થોડીવાર માટે અટકાવી દીધી હતી. 2021નો વર્લ્ડ ચેમ્પિયન લોહ વિક્ષેપો વિશે બોલ્યો ન હતો પરંતુ પ્રદૂષણ એક સમસ્યા હોવા વિશે વાત કરી હતી.

તેણે કહ્યું કે દરેકની સહનશક્તિ જાણે બે સ્તર નીચે પડી ગઈ છે. હવામાન સારું નથી. મારું સ્વાસ્થ્ય ઘણું બગડ્યું છે. હું ઓછો શ્વાસ લઈ શકું છું. જ્યારે શક્ય હોય ત્યારે હું માસ્ક પહેરું છું. હું બને તેટલું ઘરની અંદર રહું છું, પરંતુ હું ફક્ત એટલું જ કરી શકું તેમ છું.

### ઈન્ડિયા ઓપનમાં દર્શકોની ગેલેરીમાં વાંદરો બેસેલો જોવા મળ્યો



નવી દિલ્હી, તા. 15 : ઈન્ડિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટ દરમિયાન ગઇકાલે બુધવારે દર્શકોની ગેલેરીમાં એક વાંદરો જોવા મળ્યો, જેનાથી પહેલાથી જ ટીકાનો સામનો કરી રહેલા આયોજકોની મુશ્કેલીમાં વધારો થયો. આયોજકોએ આ ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી હતી. સ્ટેડિયમની અંદર અને સોશિયલ મીડિયા પર દર્શકોનું ધ્યાન આ વાંદરાએ ખેંચ્યું હતું. જોકે, તેનાથી કોઈ મેચ કે પ્રેક્ટિસ સત્રમાં કોઈ વિક્ષેપ પડ્યો ન હતો, જેનાથી આયોજકોને થોડી રાહત મળી હતી. એક ફોટોગ્રાફરે ઇન્સ્ટાગ્રામ પર વાંદરાના ફોટા શેર કર્યા પછી આ મુદ્દો પ્રકાશમાં આવ્યો. કોરિયન પુરુષ ડબલ્સ ખેલાડી કાંગ મીન હ્યુકે ટુર્નામેન્ટના સત્તાવાર તાલીમ સ્થળ, કેડી જાધવ ઇન્ડોર હોલમાં વાંદરાના વીડિયો અપલોડ કર્યા પછી ચિંતાઓ વધુ વધી ગઈ.

# ટ્રમ્પે બ્રાઝિલ સહિતના દેશોના વિઝા અટકાવતા ફિફા વર્લ્ડકપમાં અંધાધૂંધી

**વિઝા** અટકાયતી પગલાની અસરને કારણે 15 દેશોના ચાહકો ફિફા વર્લ્ડકપ માટે અમેરિકા આવી નહીં શકે

**વિઝા** માટેના રેડ લિસ્ટમાં બ્રાઝિલની સાથે મોરોક્કો, હૈતી, સેનેગલ, કોલંબિયા, ઇરાન, જોર્ડનનો પણ સમાવેશ

વોશિંગ્ટન, તા. 15 : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લેવાયેલા વિઝા અટકાવવાના નિર્ણયને પગલે ફિફા વર્લ્ડકપમાં સામેલ 15 સ્પર્ધાત્મક દેશોના ચાહકોની વિઝા અરજીઓ ફગાવી દેવામાં આવતા 2026ના વર્લ્ડકપ સામે એક અલગ પ્રકારનો અવરોધ આવી ગયો છે.

બુધવારે રાજ્ય વિભાગે એક આંતરિક મેમો બહાર પાડ્યો હતો જેમાં કોન્સ્યુલર અધિકારીઓને 75 જુદા જુદા દેશોના વિઝા નકારવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. વિભાગ અરજદારોની તપાસ અને ચકાસણી માટેની પ્રક્રિયાઓની પુનઃપરીક્ષા કરી રહ્યો હતો. આ 75 દેશમાંથી 15 દેશ આ ઉનાળામાં અમેરિકા, મેક્સિકો અને કેનેડામાં યોજાનારી ટુર્નામેન્ટમાં ભાગ લેવાના છે, જેમાં સૌથી મોટા ફેવરિટમાંના એક બ્રાઝિલનો પણ સમાવેશ થાય છે. નોંધપાત્ર રીતે, સ્કોટલેન્ડની ગ્રુપ સીમાં ચારમાંથી ત્રણ ટીમો વિઝા અરાજકતાથી પ્રભાવિત છે, જેમાં બ્રાઝિલ, મોરોક્કો અને હૈતી ત્રણેય ટ્રમ્પની લાલ યાદીમાં સામેલ છે. તેનો અર્થ એ થઈ શકે છે કે સ્કોટલેન્ડના બધા ગ્રુપ-સ્ટેજ મેચો માટે સ્ટેડિયમ ખાલી રહેવાની સંભાવના છે.

આ વિસ્ફોટક યોજનાઓથી પ્રભાવિત અન્ય દેશો અલ્જીરિયા, કેપ વર્ડે, કોલંબિયા, કોટ ડી'આઈવોર, ઈજીપ્ત, ઘાના, ઈરાન, જોર્ડન, સેનેગલ, ટ્યુનિશિયા, ઉરુગ્વે અને ઉઝબેકિસ્તાન છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટ 21 જાન્યુઆરીથી અનિશ્ચિત સમય માટે પ્રતિબંધ લાગુ કરે તેવી અપેક્ષા છે. બુધવારે મોકલવામાં આવેલા મેમોમાં કોન્સ્યુલર અધિકારીઓને એવા વિઝા અરજદારોને નકારવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે જેમને યુએસ પ્રવેશ પર જાહેર લાભો પર આધાર રાખવો પડશે. અધિકારીઓને અરજદારો માટે આરોગ્ય, ઉંમર અને અંગ્રેજી ભાષાની કુશળતા સહિત વિવિધ પરિબળોનું મૂલ્યાંકન કરવાની પણ સૂચના આપવામાં આવે છે.

# ઓસ્ટ્રેલિયન ઓપન : સિનર-જોકોવિચ એક જ હાફમાં, સેમીમાં મુકાબલો થઈ શકે

**પુરૂષોમાં** કાર્લોસ અલ્કારાઝના હાફમાં ફ્રાન્સિસ ટિયાફો અને સ્થાનિક ખેલાડી એલેક્સ ડિ મિનોરનો સમાવેશ

**મહિલા** સિંગલ્સમાં કોકો ગફ, સબાલેન્કા એક જ હાફમાં, સ્વિટેક અને ઓસાકા તેમનાથી વિરુદ્ધ હાફમાં

મેલબોર્ન, તા. 15 (એપી) : મેલબોર્ન પાર્ક ખાતે રવિવારથી શરૂ થઈ રહેલી ટેનિસ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ ઓસ્ટ્રેલિયન ઓપનનો ડ્રો ગુરુવારે જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં પુરૂષ સિંગલ્સમાં યાનિક સિનર અને નોવાક જોકોવિચ ડ્રોના સમાન ભાગમાં છે, જેના કારણે ડિફેન્ડિંગ ચેમ્પિયન અને 24 વખતના મુખ્ય વિજેતા વચ્ચે સંભવિત સેમી ફાઈનલ રમાવાની સંભાવના છે. જોકોવિચે 10 ઓસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ જીત્યા છે પરંતુ 2023થી તે મેલબોર્ન પાર્ક ખાતે સેમી ફાઈનલથી આગળ વધ્યો નથી. ટોચના ક્રમાંકિત કાર્લોસ અલ્કારાઝ તેમનાથીમ વિરુદ્ધ બીજા ભાગમાં છે અને તેના ડ્રોમાં ટિયાફો અને સ્થાનિક મનપસંદ છઠ્ઠા ક્રમાંકિત એલેક્સ ડી મિનોરનો સમાવેશ થાય છે.

મહિલા સિંગલ્સના ડ્રોમાં ગફનો સામનો 91મી ક્રમાંકિત કમિલા રાખીમોવા સામે થશે જ્યારે 576મી ક્રમાંકિત વિનસનો સામનો પ્રથમ રાઉન્ડમાં 68મી ક્રમાંકિત ઓલ્ગા ડેનિલોવિક સામે થશે. ગફ અને વિનસ ડ્રોના એ જ ભાગમાં છે જ્યાં ટોચની ક્રમાંકિત આર્યના સબાલેન્કા છે, જેણે ગયા વર્ષે ફાઈનલમાં મેડિસન કીઝ સામે હારી જતા પહેલા સતત બે ઓસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ જીત્યા હતા. સબાલેન્કાએ ગયા અઠવાડિયે બ્રિસ્બેનમાં ટાઇટલ જીતીને પોતાની સિઝનની શરૂઆત કરી હતી અને ત્રીજા રાઉન્ડમાં 2021 યુએસ ઓપન વિજેતા એમ્મા રાદુકાનુનો સામનો કરી શકે છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન કીઝને છઠ્ઠી ક્રમાંકિત જેસિકા પેગુલા અને ચોથી ક્રમાંકિત અમાન્ડા અનિસિમોવા જેવા જ ક્વાર્ટરમાં મૂકવામાં આવી છે. દરમિયાન, બીજા ક્રમાંકિત ઈગા સ્વિટેક મેલબોર્ન પાર્કમાં તેના પ્રથમ ટાઇટલ અને કારકિર્દી ગ્રાન્ડ સ્લેમ માટે લક્ષ્ય રાખી રહી છે. ચોથા રાઉન્ડમાં તેનો સામનો ચાર વખતની મુખ્ય વિજેતા નાઓમી ઓસાકા સામે થઈ શકે છે.

### કોકો ગફ અને વિનસ બીજા રાઉન્ડમાં સામસામે આવતા ઇતિહાસનું પુનરાવર્તન થશે



ઓસ્ટ્રેલિયન ઓપનના બીજા રાઉન્ડમાં કોકો ગફ અને વિનસ વિલિયમ્સ એકબીજાનો સામનો કરી શકે છે અને આ મેચ ફરીથી ઇતિહાસમાં સામેલ થઇ શકે છે. પંદર વર્ષની વયે ગફે વિમ્બલડનમાં સાત વખતની વિજેતા વિનસને તેના ગ્રાન્ડ સ્લેમ ડેબ્યૂમાં હરાવી હતી. 2019માં ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં તે વિજય બાદ, ગફે વિનસને તેની કેરિયરમાં એક મોટી પ્રેરણા આપવા બદલ આભાર માનતા કહ્યું, જો તે ન હોત તો હું અહીં ન હોત. હવે ગફ ત્રીજી ક્રમાંકિત અને બે વખતની ગ્રાન્ડસ્લેમ વિજેતા છે, 45 વર્ષીય વિનસને ઓસ્ટ્રેલિયન ઓપનમાં વાઇલ્ડકાર્ડ એન્ટ્રી મળી છે અને તે પાંચ વર્ષ પછી વાપસી કરી રહી છે. ગફને ફરીથી વિનસનો સામનો કરવા માટે પહેલા રાઉન્ડમાં જીતવાની જરૂર પડશે. છેલ્લા બે અઠવાડિયામાં, વિનસ ન્યુઝીલેન્ડ અને હોબાર્ટમાં ટુર્નામેન્ટમાં રમી હતી, પરંતુ બંનેમાં પહેલા રાઉન્ડમાં જ હારી ગઈ હતી.

### વિનસ કોર્ટ પર ઉતરતાં જ ઓસ્ટ્રેલિયન ઓપનના મુખ્ય ડ્રોમાં રમનારી સૌથી મોટી ઉંમરની મહિલા બનશે

વિનસ વિલિયમ્સ ઓસ્ટ્રેલિયન ઓપનના પ્રથમ રાઉન્ડમાં જ્યારે ઓલ્ગા ડેનિલોવિક સામે મેદાને ઉતરશે તેની સાથે જ તે 45 વર્ષની વયે ઓસ્ટ્રેલિયન ઓપનના મુખ્ય ડ્રોમાં રમનારી સૌથી મોટી ઉંમરની મહિલા ખેલાડી બનવાનો ઇતિહાસ રચશે, પહેલા રાઉન્ડમાં રમતાની સાથે જ તે જાપાનની કિમિકો ડેટનો રેકોર્ડ તોડશે, જે 2015માં મેલબોર્ન પાર્કમાં પ્રથમ રાઉન્ડમાં હારતી વખતે 44 વર્ષની હતી.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ઇરાનમાંથી ભારતીયોની...

બાળકોને પરત લાવવા અપીલ કરી છે. ચિંતિત વાલીઓ મોટી સંખ્યામાં શ્રીનગરમાં 'પ્રેસ એન્ક્લેવ' ખાતે એકઠા થયા હતા અને સરકારને આ બાબતે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી હતી.

### ઉત્તર ભારતમાં સખત...

થાવત રહ્યો હતો, કારણ કે સમગ્ર શહેરમાં તાપમાનમાં ભારે ઘટાડો નોંધાયો હતો અને આ કાતિલ ઠંડી ઓછામાં ઓછી શુક્રવાર સુધી ચાલુ રહેવાની શક્યતા છે. કાશ્મીરમાં અનેક સ્થળે માઈનસમાં તાપમાન સાથે સખત ઠંડી ચાલુ રહી છે. પૂર્વ ભારતમાં ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં અનેક સ્થળે સખત ઠંડી હતી. ઝારખંડના બોકારો અને સિમડેગામાં લઘુત્તમ તાપમાન અનુક્રમે 4.9 અને 5.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લોહારદાગામાં 6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ઝારખંડના પાડોશી રાજ્ય પશ્ચિમ બંગાળમાં દાર્જિલિંગ જિલ્લામાં રાજ્યનું સૌથી નીચું લઘુત્તમ તાપમાન 3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. શ્રીનિકેતન 8.8 ડિગ્રી સાથે પશ્ચિમ બંગાળના મેદાની વિસ્તારોમાં સૌથી ઠંડુ સ્થળ રહ્યું હતું.

### અમેરિકા સાથે તનાવ...

કે, એક સમય મર્યાદા વધાર્યા બાદ, આ પ્રતિબંધ સમાપ્ત થયો હોય તેમ જણાયું હતું અને સવારે 7 વાગ્યા પછી કેટલીક સ્થાનિક ફ્લાઈટ્સ હવામાં જોવા મળી હતી. ઈરાને અગાઉ જૂનમાં ઈઝરાયેલ સામેના 12 દિવસના યુદ્ધ દરમિયાન અને ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વખતે ઈઝરાયેલ સાથે થયેલી ગોળીબારની ઘટનાઓ વખતે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કર્યું હતું. જો કે, હાલમાં કોઈ સક્રિય સંઘર્ષના સંકેતો દેખાતા નહોતા, તેમ છતાં હવાઈ ક્ષેત્ર બંધ થવાની અસર વૈશ્વિક એવિએશન પર પડી હતી. સંઘર્ષગ્રસ્ત વિસ્તારો અને હવાઈ મુસાફરી અંગે માહિતી આપતી વેબસાઈટ 'SafeAirspace' એ જણાવ્યું કે, કેટલીક એરલાઈન્સે પહેલેથી જ સેવાઓ ઘટાડી કે સ્થગિત કરી દીધી છે અને મોટાભાગના કેરિયર્સ ઈરાની હવાઈ ક્ષેત્રને ટાળી રહ્યા છે. આ પરિસ્થિતિ વધુ સુરક્ષા અથવા લશ્કરી પ્રવૃત્તિનો સંકેત હોઈ શકે છે, જેમાં મિસાઈલ લોન્ચ અથવા હાઈટેન્ડ એર ડિફેન્સનું જોખમ રહેલું છે, જેનાથી નાગરિક વિમાનોની ઓળખમાં ભૂલ થવાનું જોખમ વધી જાય છે.

### ચાંદી કિલોએ...

અને 31 ડિસેમ્બર, 2025 ના રોજ નોંધાયેલા રૂ. 2,39,000 પ્રતિ કિલોના ભાવમાં રૂ. 50,000 ઉમેર્યા છે. આ ઉપરાંત, સોનાના ભાવમાં પણ સતત પાંચમા દિવસે વધારો જોવા મળ્યો હતો, જે ગુરુવારે રૂ. 800 વધીને રૂ. 1,47,300 પ્રતિ 10 ગ્રામ (તમામ ટેક્સ સહિત) ની નવી રેકોર્ડ સપાટીએ પહોંચ્યો હતો. અગાઉના સત્રમાં તે રૂ. 1,46,500 પ્રતિ 10 ગ્રામ પર બંધ થયો હતો. વર્ષ 2026 ની શરૂઆતથી સોનામાં રૂ. 9,600 અથવા લગભગ 7 ટકાનો વધારો થયો છે. વેપારીઓએ આંતરરાષ્ટ્રીય બજારોમાં નરમ વલણ હોવા છતાં સ્થાનિક બજારમાં ભાવવધારાનું શ્રેય જ્વેલર્સ, સ્ટોકિસ્ટો અને છૂટક ગ્રાહકોની સતત ખરીદીને આપ્યું હતું. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય બજારોમાં સોના અને ચાંદી બંનેમાં તેમના રેકોર્ડ હાઈ સ્તરથી પીછેહઠ બાદ સામાન્ય ઘટાડો જોવા મળ્યો હતો. બુધવારે 93.52 ડોલર પ્રતિ ઔંસની રેકોર્ડ સપાટીને સ્પર્શ્યા બાદ ચાંદી 1.98 ડોલર અથવા 2.13 ટકા ઘટીને 91.20 ડોલર પ્રતિ ઔંસ પર આવી હતી. વિદેશી બજારમાં સ્પોટ ગોલ્ડ પણ 12.22 ડોલર અથવા 0.26 ટકા ઘટીને 4,614.45 ડોલર પ્રતિ ઔંસ થયું હતું.

### ભારત-અમેરિકા...

અનેક દોર યોજાયા હતા. ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR) જેમીસન ગ્રીર સાથે વર્ચ્યુઅલ બેઠક કરી હતી. ગોયલ અને ગ્રીર વચ્ચેની આ બેઠક 10 અને 11 ડિસેમ્બરે ડેપ્યુટી USTR રિક સ્વિટ્ઝરના નેતૃત્વમાં આવેલા પ્રતિનિધિમંડળની મુલાકાત બાદ થઈ હતી. 12 જાન્યુઆરીના રોજ તેમના આગમન પ્રવચનમાં, ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે ભારપૂર્વક જણાવ્યું હતું કે બંને પક્ષો વેપાર સોદાને મજબૂત કરવા માટે સક્રિયપણે જોડાયેલા છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા 50 ટકાના ભારે ટેરિફને કારણે દ્વિપક્ષીય સંબંધોમાં તણાવ આવ્યો છે. વધારાની આયાત ડ્યુટીના મુદ્દા ઉપરાંત, ગયા વર્ષે મે મહિનામાં ભારત-પાકિસ્તાન સંઘર્ષને ખતમ કરવાના ટ્રમ્પના દાવા અને વોશિંગ્ટનની નવી ઈમિગ્રેશન પોલિસી સહિત અન્ય ઘણા મુદ્દાઓ પર સંબંધોમાં ભારે તણાવ જોવા મળ્યો હતો. અમેરિકાના વાણિજ્ય મંત્રી હોવાર્ડ લુટનિકે વોશિંગ્ટન આ સોદો જલ્દી કરવા માટે બહુ ઉત્સુક નથી તેવો સંકેત આપ્યાના દિવસો બાદ, રાજદૂતે નોંધ્યું હતું કે ભારત અને અમેરિકા સૂચિત દ્વિપક્ષીય વેપાર સોદા પર સક્રિયપણે સંકળાયેલા છે.

### દિલ્હી ડાયરી...

પોતાના રાજ્ય સ્તરના સાથી પક્ષો સામે ચૂંટણી લડી રહ્યા છે. ભાજપા, જે છેલ્લી વિધાનસભા ચૂંટણીઓ પછી પ્રમુખ શક્તિ તરીકે ઊભરી આવી હતી, તેણે સૌથી આક્રમક રણનીતિ અપનાવી છે. તેણે તેમણે મોટા પાયે બીજા પક્ષોના નેતાઓને તોડવાનું અભિયાન શરૂ કરી દીધું છે.

**આ ચૂંટણી આસામના લોકો અને રાજા વચ્ચે હશે**

આસામમાં કોંગ્રેસ આગામી રાજ્ય વિધાનસભા ચૂંટણીઓને 'આસામના લોકો અને શાસક' વચ્ચેની લડાઈના રૂપમાં રજૂ કરવાની કોશિશ રહી છે. જોકે, તેનો ઇશારો આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા તરફ છે. આસામ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગૌરવ ગોગોઈએ તાજેતરમાં દિબ્રુગઢમાં એક પાર્ટી કાર્યક્રમને સંબોધતાં કહ્યું: ''આ ચૂંટણી આસામના લોકો અને રાજા વચ્ચે હશે.'' ગોગોઈએ વધુમાં ઉમેર્યું હતું કે, "આ રાજા જેવી સરકારે પ્રજાને કેટલીક યોજનાઓ આપી છે. યોજનાઓ દ્વારા જાહેર નાણાંનું વિતરણ કરવું એ દરેક સરકારનું કર્તવ્ય છે. પરંતુ આ વખતે આપણે જોઈ રહ્યા છીએ કે આ યોજનાઓ સાથે શરતો લગાવવામાં આવી રહી છે. જો તમે લાભ મેળવવા માંગતા હો તો તમે બીજા પક્ષ સાથે જોડાયેલા રહી શકતા નથી, બીજા પક્ષની બેઠકમાં હાજરી આપી શકતા નથી, અમને સવાલ પૂછી શકતા નથી, અમારી ટીકા કરી શકતા નથી. આ તેમનું વર્તન છે, આ તેમનો ઘમંડ છે." જવાબમાં શર્માએ કહ્યું કે, વિપક્ષ કોંગ્રેસ પાસે આગામી ચૂંટણી લડવા માટે કોઈ મુદ્દો નથી અને તેમને વિશ્વાસ છે કે, રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન રાજ્યમાં સત્તા જાળવી રાખશે, આ સાથે તેમણે પાર્ટીને બિહાર અને તે પહેલાં દિલ્હી, મહારાષ્ટ્ર અને હરિયાણામાં મળેલી હારની યાદ અપાવી. જોકે, એ આશ્ચર્યજનક વાત છે કે, ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ, ઉચ્ચ સ્થાનો પર ભ્રષ્ટાચાર સામે અભિયાન શરૂ કરવાનો દાવો કરે છે અને શર્મા પર આંખો બંધ કરી દીધી છે અને કોંગ્રેસ છોડ્યા પછી ભાજપમાં જોડાયા ત્યારથી તેમની સામે સીબીઆઇ તપાસ કોલ્ડ-સ્ટોરેજમાં મૂકી દેવામાં આવી છે.